# ગુજરાત સાહિત્ય અકાદમી

(ગુજરાત, હિન્દી, સંસ્કૃત,સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી)
(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)
ઝવેરચંદ મેઘાણી ભવન,કૃષિ ભવનની પાછળ,
સેક્ટર– ૧૦–એ,ગાંધીનગર– ૩૮૨૦૧૦
ફોન નં. : ૦૭૯ – ૨૩૨ ૫૬૭૯૭/૯૮

# GUJARAT SAHITYA ACADEMY

(Gujarat, Hindi, Sanskrit, Sindhi, Urdu and KutchiSahitya Academy)
(Sports Youth and Cultural Activities Department)
JhaverchandMeghaniBhavan, B/h. KrishiBhavan,
Sector-10-A, Gandhinagar- 382010
Phone- 079-23256797/98

gsagandhinagar@gmail.com |www.sahityaacademy.gujarat.gov.in | www.gujaratsahityaacademy.com

## શિષ્ટમાન્ય પુસ્તકોના પ્રકાશન માટે આર્થિક સહાય આપવાની યોજના અન્વયે નિયમો અને શરતો

(૧) આ યોજના હેઠળ ગુજરાતી ભાષામાં લખાયેલાં મૌલિક પુસ્તકો એટલે કે વ્યાપક અર્થમાં કલા, ભાષા, સાહિત્ય, શાસ્ત્રીય સંશોધન, વિવેચન, સાહિત્યિક ઇતિહાસને લાગતાં શિષ્ટ મૌલિક પુસ્તકોના પ્રકાશન અર્થે આર્થિક સહાય આપી શકાશે. ખાસ કરીને કશીય આર્થિક સહાય વગર જે પુસ્તકો પ્રજાને સુલભ બનવાનું શક્ય ન હોય અને નાણાકીય જવાબદારીને ખાનગી પ્રકાશકો અથવા સંસ્થાઓ જે પુસ્તકો પ્રકાશન અર્થે હાથ ધરવા તૈયાર ન થાય તેમજ લેખકો પોતે આર્થિક કારણોસર પ્રકાશનની પૂર્ણ જવાબદારી ઉપાડી શકે તેમ ન હોય, એવાં પુસ્તકોનાં પ્રકાશનોને આર્થિક સહાય આપી ઉત્તેજન આપવાનો આ યોજનાનો આશય છે.

(૨) ખાસ કરીને રાષ્ટ્રીય એકતાને પોષે, પ્રજાની સાંસ્કૃતિક ચેતનાને જાગૃત કરે, વ્યાપક દ્રષ્ટિએ ભારતીય સંસ્કૃતિને તેમજ વિશેષત: ગુજરાતી સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે, ઉગતી પેઢીના ચારિત્ર્ય ઘડતરમાં ફાળો આપે એવા શિષ્ટમાન્ય પ્રકાશનોને આર્થિક સહાય માટે પાત્ર ગણવામાં આવશે. કાવ્ય, નાટક, નવલકથા, વાર્તા, ચરિત્રકૃતિઓ, રેખાચિત્રો, હળવા નિબંધો, વગેરેનો આ યોજનામાં સમાવેશ થશે નહીં.

(૩) આ યોજનામાં સંપાદન કરેલાં તેમજ સાહિત્ય સાથે સંબંધિત ન હોય તેવાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવશે નહીં.

(૪) પ્રકાશન માટે મંજૂર થયેલ પુસ્તકની ૩૦૦ નકલ છાપવાની રહેશે. પુસ્તક પ્રકાશન માટેથયેલ ખરેખર ખર્ચ માટે પુસ્તકની પહેલી કવિતા/વાર્તાથી પેજ નં. ૧ થી ૧૧૨ પૃષ્ઠ સુધી ૧૦,૦૦૦/– અને ૧૧૨થી વધારે પૃષ્ઠ માટે ૧૫,૦૦૦/– આર્થિક સહાય તરીકે આપી શકાશે. અકાદમીએ નિયત કર્યા મુજબ પ્રકાશન ખર્ચ માટે ફર્મા દીઠ ક્રાઉન સાઈઝ કાચું પૂઠું રૂ. ૨૦૦૦/– પાકું પૂઠું રૂ. ૨૧૦૦/–અને ડબલ ક્રાઉન સાઈઝકાચું પૂઠું રૂ. ૨૫૦૦/– પાકું પૂઠું રૂ. ૨૭૦૦/– તેમજ ડેમી સાઈઝ માટે કાચું પૂઠું રૂ. ૨૨૦૦/– પાકા પૂઠાં માટે રૂ. ૨૩૦૦/– નક્કી કરેલ છે. આમાંથી જે રકમ ઓછી હશે તે રકમ આર્થિક સહાય તરીકે આપી શકાશે. આમાં તમામ પ્રકારનાં ખર્ચનો સમાવેશ કરેલ છે.

(૫) પ્રગટ થયેલ પુસ્તકોની **૧૫ નકલો** લેખકે ગુજરાત સાહિત્ય અકાદમીની કચેરીને વિના મૂલ્યે આપવાની રહેશે.

(૬) આર્થિક સહાય મંજૂર થયા બાદ લેખકે પોતાને ખર્ચે પુસ્તક પ્રગટ કરવાનું રહેશે. તે માટે છાપકામનાં ઓરિજનલ બિલ, વાઉચર, અકાદમીનો મંજૂરી લેટર વગેરે રજૂ કર્યા બાદ ચકાસણી કરીને સહાય મંજૂર કરવામાં આવશે.

(૭) પ્રકાશિત પુસ્તકની મુખપૃષ્ઠની પાછળની બાજુએ તેમજ પ્રસ્તાવનામાં સ્પષ્ટ રીતે "ગુજરાતસાહિત્ય અકાદમી, ગાંધીનગર, ગુજરાત રાજ્યની આર્થિક સહાયથી પ્રકાશિત" એવી ઋણ સ્વીકારની પંક્તિ અકાદમીના લૉગો સાથે છાપવાની રહેશે.તેમજ પ્રકાશિત પુસ્તકનાં મુખપૃષ્ઠ પર કે છેલ્લાં પાને બહારની બાજુ અકાદમીનું નામ કે લૉગો મૂકવા નહીં. તેમજ કોઈ પ્રકાશન સંસ્થાના પણ નામ કે લૉગો દર્શાવવા નહીં.

(૮) અકાદમી તરફથી મળેલી સહાય ગ્રાન્ટની રકમ કોઈપણ ખાનગી પ્રકાશકને અથવા સંસ્થાને તબદીલ કરી શકાશે નહીં. તથા તે અંગેની આર્થિક સહાય અન્યત્રથી મેળવી શકાશે નહીં.

(૯) સહાય ગ્રાન્ટ મંજૂર થયા પછી વધુમાં વધુ ૧(એક) વર્ષની અંદર પુસ્તક પ્રગટ કરવાનું રહેશે. તે માટે લેખકે જરૂરી બાંહેધરી આપવાની રહેશે.

(૧૦) પુસ્તક પ્રકાશનની કોઈ એક જ યોજનામાં લેખકે જે તે વર્ષમાં ૧ (એક) જ હસ્તપ્રત રજૂ કરવાની રહેશે.

(૧૧) જે લેખકને પુસ્તક પ્રકાશન આર્થિક સહાયની ગુજરાત સાહિત્ય અકાદમીની સંલગ્ન હિન્દી,સંસ્કૃત, કચ્છી, ઉર્દુ, અને સિંધી અકાદમીમાં કોઈપણ ચાર યોજનાઓ પૈકીની કોઈપણ યોજનામાં પાંચ વખત સહાય મળી ચૂકી હોય તેવા લેખકો હસ્તપ્રત રજૂ કરી શકશે નહીં.

(૧૨) આર્થિક સહાયથી છપાતા હોય તેવા પુસ્તકમાં કોઈપણ પ્રકારની જાહેરખબર લઈ શકાશે નહીં.

(૧૩) પુસ્તકની જોડણી સરકાર માન્ય સાર્થ ગુજરાતી જોડણી કોશ પ્રમાણે રાખવાની રહેશે.

(૧૪) જે તે લેખકે પુસ્તક પ્રકાશિત કરવાની આર્થિક સહાય મેળવવા ગુજરાત સાહિત્ય અકાદમીનું નિયત ફોર્મ ભરવાનું રહેશે. તેમજ અગાઉ કેટલાં પુસ્તકો માટે આર્થિક સહાય મેળવી છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૧૫) અકાદમી દ્વારા અગાઉ પુસ્તક પ્રકાશન માટે આપવામાં આવેલી આર્થિક સહાય જે તે પુસ્તકને જે તે વર્ષે મળી હોય તેનો ઉલ્લેખ ફોર્મમાં કરવાનો રહેશે. આ અંગે કોઈ માહિતી છુપાવવી નહીં. અન્યથા તે અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.

(૧૬) લેખકે પોતાની તૈયાર કરેલી સંપૂર્ણ હસ્તપ્રત નિયત તારીખ સુધીમાં મહામાત્ર,ગુજરાત સાહિત્ય અકાદમીની કચેરીમાં યોગ્ય અધિકારીને રૂબરૂ અથવા રજિસ્ટર્ડ ટપાલથી મોકલી આપવાની રહેશે. હસ્તપ્રત ટાઈપ કરેલી અને બુક બાઈડિંગ કરેલી અને પાના નંબર લખેલી હોવી જરૂરી છે,હસ્તપ્રતનાં છૂટાં પાના સ્વીકારવામાં આવશે નહીં.

(૧૭) હસ્તપ્રતના મુખપૃષ્ઠ પર લેખકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, સ્પષ્ટ રીતે દર્શાવવું જરૂરી છે. તેમજ નિયત નમૂનાનું ફોર્મ સંપૂર્ણ વિગતો ભરીને હસ્તપ્રતની સાથે સામેલ રાખવાનું રહેશે. રજૂ કરેલ હસ્તપ્રતમાં લેખક પોતે પણ નામ/શીર્ષક બદલી શકશે નહીં. હસ્તપ્રત મંજૂર થયા બાદ એમાં કોઈ સુધારો કે કોઈ ફેરફાર કરી શકાશે નહીં. આ અંગે કોઈ સુધારા કે ફેરફાર માટે અકાદમીની લેખિતમાં મંજૂરી મેળવવાની રહેશે.

(૧૮) આ યોજના અંતર્ગત મોકલવામાં આવેલ હસ્તપ્રત (પુસ્તક)ને પરામર્શન માટે મોકલવામાં આવ્યા બાદ પરામર્શકનાં જણાવ્યા મુજબ જો પુસ્તક પ્રકાશિત કરવાને યોગ્ય જણાશે તો જ આર્થિક સહાય માટે મંજૂર કરવામાં આવશે. પરામર્શકશ્રીના નિર્ણય મુજબ ઉચ્ચ સાહિત્યિક ગુણવત્તા ધરાવતી કૃતિઓ જ પસંદગીપાત્ર ગણવામાં આવશે. આ અંગે પરામર્શકશ્રીનો અને અકાદમીનોનિર્ણય આખરી રહેશે.

(૧૯) આ યોજના અંતર્ગત આર્થિક સહાય મંજૂર કે નામંજૂર કરવામાં આવશે તો તેની જાણ જે તે લેખકને પત્ર દ્વારા કરવામાં આવશે. આર્થિક સહાય માટેની પાત્રતા અથવા ગ્રાન્ટની રકમ અંગે વિધિસર નિર્ણય થઈ ગયા પછી એ બાબતે અકાદમી કોઈ પત્રવ્યવહારમાં ઉતરશે નહીં.

(૨૦) આ યોજના અંગેની પદ્ધતિ અને નીતિ–નિયમો મુજબ નિર્ણય કરવાની સત્તા ગુજરાત સાહિત્ય અકાદમીની પોતાની રહેશે.

***